# આસ્થાના મહાસાગરનું અણમોલ રત્નઃ રામેશ્વરમ્ તીર્થ

ભગવાન શ્રીરામે જે શિવલિંગને પોતાના હાથ વડે સ્થાપિત કર્યુ હતું તે રામેશ્વરમ્ મહાતીર્થ આજે તો ખૂબ સુંદર તથા કલાત્મક કોતરણીથી શોભી રહ્યું છે. દ્વાદશ જ્યોતિર્લિંગમાં સ્થાન પામનાર રામેશ્વરમ્‌નાં દર્શનમાત્રથી જીવન ધન્ય બની જાય છે. આ સ્થળને ઘણા શ્રદ્ધાળુઓ ભક્તિથી રામેશ્વર કે રંગનાથાલિંગમ્ કે રામેશ્વરમ્‌ના નામે પણ ઓળખે છે. આ મંદિર શંખ આકારના બેટ ઉપર નિર્માણ પામ્યું છે. રામેશ્વરમ્ જવા ચેન્નાઈથી મદુરાઈ, તિરુચિરાપલ્લી તેમજ કોઈમ્બતુરથી રેલવેમાં જવાય છે. લગભગ ૧૭૫ કિ.મી. દૂર મદુરાઈનું હવાઈમથક છે. વળી અહીં આવવા આંધ્ર પ્રદેશ તથા તામિળનાડુ પરિવહનની બસ સેવા પણ ઉપલબ્ધ છે. આ સ્થળ તથા તેની આસપાસના વિસ્તારો ખૂબ રળિયામણા તથા પુષ્કળ વનરાજીથી સુશોભિત છે. જેને મોક્ષની અભિલાષા હોય તે રામેશ્વરમ્‌ની યાત્રા અવશ્ય કરે છે. આ મંદિર વિશે એમ પણ કહેવાય છે કે સાત મહાપાતક સિવાયનાં પાપ કરનાર પણ જો રામેશ્વરમ્‌નાં દર્શન શ્રદ્ધાથી કરે તો તેના મોક્ષ થઈ જાય છે તેને ફરી જનમ લેવો પડતો નથી.

આ જ્યોતિર્લિંગ એવું છે કે જેને શૈવ તથા વૈષ્ણવ સંપ્રદાયના ભક્તો ખૂબ આદરથી પૂજે છે. સદીઓ પૂર્વે આ મંદિર રેતાળ સ્વરૂપે અવાવરું હતું. ઈસુની પછી ઈ.સ. ૬૦૦માં એક દ્રવિડ રાજા દ્વારા આ લઘુમંદિર બન્યું. તે પછી વખતોવખત તેમાં ઘણા સુંદર સુધારા વધારા થતા રહ્યા. આજે આ મહામંદિર તેની ભવ્યતા સાથે ઊભું થતાં અહીં હજારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન રામેશ્વરમ્‌ના જ્યોતિર્લિંગનાં દર્શન કરી પોતાનું જીવન ધન્ય બનાવે છે.

મૂળ મંદિરનો એક ખંડ કાંચીના રાજાએ બનાવડાવ્યો છે તો મંદિરનું પટાંગણ મદુરાઈના રાજાની અનહદ્ ભક્તિને કારણે નિર્માણ થયું છે. તો સોળમી સદીના અંતમાં સેતુપતિ શક દ્વારા તેમાં કલામય સભામંડપની રચના થઈ છે. જોકે આ મંદિરને આખરી ઓપ તો સત્તરમી સદીના અંતમાં થવા પામ્યો છે. શ્રીલંકાના એક રાજાએ પોતાનો સમગ્ર ખજાનો આ મંદિરના નિર્માણ પાછળ ફાળવતાં આજનું આ ભવ્ય મંદિર સુંદરતા પામ્યું છે. આટલું સુદર મંદિર બનતાં લગભગ ૩૫૦ વર્ષ લાગ્યાં છે. આ મંદિર ૧૭૦ ફૂટ ઊંચું તથા નવ માળનું પૂર્વ દ્વાર ધરાવે છે. આ મંદિરનો બાહ્ય દેખાવ તો એટલો અદ્‌ભુત છે કે તેને જોતાં આંખ ઠરવાનું નામ લે જ નહીં. બસ અપલક ક્ષેત્રે તેને નિહાળતાં રહીએ બસ નિહાળતાં રહીએ.

**રામેશ્વરમ્ લિંગ ઉપર શેષનાગનું છત્ર છે. ગંગાજળથી અહીં અભિષેક થાય છે. ઉત્તર ગંગોત્રીથી કાવડિયા દ્વારા જે ગંગાજળ આવે તેનાથી જ આ લિંગ ઉપર અભિષેક કરાય છે. મંદિરનો પ્રદક્ષિણા પથ ૨૦ ફૂટ પહોળો છે. જે ૧૨૨૦ જેટલા ગ્રેનાઈટના સ્તંભ ઉપર છે. જે કુલ ૪૦૦૦ ફૂટથી વધુ લંબાઈ ધરાવે છે. જ્યોતિર્લિંગ ઉપર પાંચથી સાત કરોડનાં આભૂષણો ચડે છે**



રામનાથ મંદિર ઉન્નત રીતે સુવર્ણસ્તંભની સન્મુખ સુંદર પથ્થરની વિશાળ સમચોરસ બાંધણી ઉપર બનેલું છે. આશરે સવાસો ફૂટની ઊંચાઈએ કલાત્મક કોતરણીથી સભર પથ્થરોમાં કંડારાયેલું દ્રવિડ સંસ્કૃતિ દૃશ્યમાન થાય તે રીતે નિર્માણાધીન છે. શિખર તેમજ સભામંડપથી શોભિત આ મહામંદિરના ત્રણ વિશાળ દરવાજા પસાર કર્યા બાદ ગર્ભગૃહમાં પ્રવેશ કરી શકાય છે. જ્યાં દિવ્ય તેમજ નિર્મળ મહામણિભૂષિત જ્યોતિર્લિંગમ્ પ્રસ્થાપિત છે.

એક ખૂબ રસપ્રદ વાત એ છે કે, ''અહીં ગર્ભગૃહની અંદર નિજમંદિરના બાર પૂજારી તથા નેપાળના મહારાજ એમ ફક્ત ૧૩ વ્યક્તિને જ પ્રવેશ મળી શકે છે. તેમાં પણ વિશેષ વાત તો એ છે કે સમગ્ર હિદુત્વનો વાવટો જેના હાથમાં શોભે છે તે જગદ્‌ગુરુ શંકરાચાર્ય મહારાજ પણ અંદર પ્રવેશી શકતા નથી.'' અહીંના ગર્ભગૃહમાં અલૌકિક તથા દિવ્ય વાતાવરણની સદૈવ અનુભૂતિના તરંગ દર્શનાર્થીઓને થતા રહે છે. ગર્ભગૃહમાં ખૂબ મૂલ્યવાન સ્ફટિક લિંગ છે. આ લિંગ ઉપર ભગવાન શેષનાગના મસ્તકના મહામૂલ્યવાન મણિને રાખવામાં આવ્યો છે. જોકે તેનાં દર્શન પ્રાતઃ કાળમાં સાડા ચારથી પાંચ દરમિયાન જ કરી શકાય છે.

રામેશ્વરમ્ લિંગ ઉપર શેષનાગનું છત્ર છે. ગંગાજળથી અહીં અભિષેક થાય છે. ઉત્તર ગંગોત્રીથી કાવડિયા દ્વારા જ જે ગંગાજળ આવે તેનાથી જ આ લિંગ ઉપર અભિષેક કરાય છે. મંદિરનો પ્રદક્ષિણા પથ ૨૦ ફૂટ પહોળો છે. જે ૧૨૨૦ જેટલા ગ્રેનાઈટના સ્તંભ ઉપર છે. જે કુલ ૪૦૦૦ ફૂટથી વધુ લંબાઈ ધરાવે છે. જ્યોતિર્લિંગ ઉપર પાંચથી સાત કરોડનાં આભૂષણો ચડે છે.●

# શ્રી રામકૃષ્ણ પરમહંસ જયંતી

## ફાગણ સુદ બીજ, તા.૨૩-૦૨-૨૦૧૨, ગુરુવાર

રામકૃષ્ણ પરમહંસ બંગાળમાં થઈ ગયા. તે ખૂબ પવિત્ર પુરુષ હતા. તે ખૂબ ઉચ્ચ કોટિના સંત હતા. તેઓ આ કાલિમાનાં પરમ ઉપાસક હતા. તેમને મા કાલિ સાક્ષાત રહેતાં હતાં. શ્રી રામકૃષ્ણએ મુસ્લિમ, ખ્રિસ્તી વગેરે ઘણા બધા ધર્મની સાધના કરી હતી. અનુભવની દૃષ્ટિએ તેમને બધા જ ધર્મ સરખા લાગ્યા હતા. ક્રમે ક્રમે તેઓની ખ્યાતિ ખૂબ જ ફેલાઈ હતી. તેમને ઘણા બધા શિષ્ય હતા. તેમના આ બધા જ શિષ્યોમાં વિવેકાનંદ ખૂબ પ્રખ્યાત થયા હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસના નામથી આજે પણ દેશ વિદેશમાં અનેક સંસ્થાઓ ચાલે છે. આ તમામ

**રામકૃષ્ણ પરમહંસ પરમ જ્ઞાની હતા તેઓ તદ્દન નિરાભિમાની હતા. બધા જ ધર્મના અનુયાયીઓને તેઓ ખૂબ માન આપતા. આદર પણ ખૂબ આપતા. તેઓ કોઈનીય સાથે વાદ વિવાદમાં ઊતરતા નહીં તથા કોઈનીય સાથે ઝઘડો પણ કરતા નહીં**

સંસ્થાઓનો મુખ્ય ઉદ્દેશ તો લોકકલ્યાણનો જ છે.

શ્રી રામકૃષ્ણ પરમહંસના પિતાનું નામ ખુદીરામ હતું. તેમનાં માતાનું નામ ચંદ્રમણિદેવી હતું. બંને ખૂબ ભલા તથા દયાળુ હતાં. આ બંને મા કાલિના પરમ ભક્ત હતા. રામકૃષ્ણ પરમહંસ નાનપણથી જ મા કાલિની ભક્તિ થતી ઘરમાં જોતા. તેથી તેમનામાં પણ તેમનાં માતા પિતાની જેમ મા કાલિની ભક્તિ ઊતરી. તેઓ પણ મા કાલિમાં પરમ શ્રદ્ધા રાખતા. ધીમે ધીમે તેમનો મા કાલિ પરત્વે ઝુકાવ વધતો ગયો. તે રાત દિવસ મા કાલિનાં ગુણગાન ગાતા તથા તેમનાં જ જાપ કરતા.

રામકૃષ્ણ પરમહંસનાં પત્નીનું નામ શારદામણિદેવી હતું. રામકૃષ્ણની દિવ્યતા ધીમે ધીમે એટલી બધી વધી ગઈ હતી કે તેઓ તેમના પત્નીમાં પણ મા કાલિને સાક્ષાત જોતા હતા. રામકૃષ્ણ પરમહંસ આજના કોલકાતા તથા પુરાણા કલકત્તામાં આવેલા દક્ષિણેશ્વર ઘાટ સ્થિત કાલિમંદિરના પૂજારી હતા. શ્રી રામકૃષ્ણ પરમહંસ આજે ભારત સહિત સમગ્ર વિશ્વમાં ઠાકુરના નામથી વધુ ઓળખાય છે. તેઓ નિરાકારવાદી હતા. છતાં સાકારવાદમાં પણ ખૂબ માનતા હતા. બ્રહ્મનું ચિંતન કરવું. દેવ દેવીને ફૂલ ચડાવવાં. ચંદનનાં તિલક કરવાં. દેવ દેવી સાથે પ્રેમમસ્ત માયસ્ત બની



નૃત્ય કરવું. ગીત ગાવાં. તેમને બહુ જ ગમતું. તેઓ પલંગ ઉપર બેસે પણ ખરા અને પલંગ ઉપર સૂએ પણ ખરા. મોજાં પણ મહેરે અને પહેરણ પણ પહેરે. જોડા પહેરવા તેમને ખૂબ જ ગમતા. તેઓ બધું જ કરતા પણ તેઓ તેમના પત્ની શારદામણિદેવી સાથે સંસાર માંડતા નહીં. કારણ કે તેઓ તેમના પત્નીમાં મા કાલિને સાક્ષાત નિહાળતા. તેઓ પત્નીમાં માનું સ્વરૂપ જોતા. તેમનો આવો પરમ ભક્તિભાવ જોઈને લોકો તેમને પરમહંસ કહેવા લાગ્યા.

રામકૃષ્ણ પરમહંસ નિરક્ષર હતા. પણ તેઓ ખૂબ જ્ઞાની હતા. તેઓ પરમજ્ઞાની હતા. તેઓ તદ્દન નિરાભિમાની હતા. બધા જ ધર્મના અનુયાયીઓને તેઓ ખૂબ માન આપતા. આદર પણ ખૂબ આપતા. તેઓ કોઈનીય સાથે વાદ વિવાદમાં ઊતરતા નહીં તથા કોઈનીય સાથે ઝઘડો પણ કરતા નહીં. ભજન ગાતા ગાતા કે ધાર્મિક ચર્ચા વખતે તેઓ એકાએક સમાધિમાં ઊતરી જતા હતા. તેઓની ઉપદેશ આપવાની રીત ખૂબ જ અદ્‌ભુત હતી. તેઓ પુષ્કળ જ્ઞાની હોવા છતાં તેમણે ક્યાંય કોઈ જ પ્રકારનું વ્યાખ્યાન આપ્યું નહીં.

રામકૃષ્ણ પરમહંસે કાંઈ જ લખ્યું નથી કે લખાવ્યું પણ નથી. જો તેઓ કોઈને કદી ઉપદેશ આપે તો તેમના ઉપદેશની રીત ઉપનિષદમાં આવે છે. તેવી સાવ સરળ રહેતી. લાંબી ચર્ચા કરવાનું તેઓ હંમેશાં ટાળતા તેમનો ઉપદેશ ખૂબ ટૂંકો હોય. સાંભળનારને તરત સમજાઈ જતો.

ભગવાનની મૂર્તિને તેઓ ચિન્મયી પ્રતિમા કહેતા. તેઓ વારંવાર કહેતા કે કંચન અને

**રામકૃષ્ણ પરમહંસે કાંઈ જ લખ્યું નથી કે લખાવ્યું પણ નથી. જો તેઓ કોઈને કદી ઉપદેશ આપે તો તેમના ઉપદેશની રીત ઉપનિષદમાં આવે છે. તેવી સાવ સરળ રહેતી. લાંબી ચર્ચા કરવાનું તેઓ હંમેશાં ટાળતા**

કામિની ઈશ્વરની પ્રાપ્તિમાં હરહંમેશ માટે બાધક બને છે. ચિત્તમાં વ્યાકુળતા આવે તો જ ઈશ્વર દર્શન થાય. ઈશ્વર જ સત્ય છે. ઈશ્વર જ નિત્ય છે. બીજું બધું જ અનિત્ય છે. સંસારમાં રહેવું નહીં. રહેવું જ હોય તો આયા અથવા દાસીની જેમ રહેવું. સંસારનાં બધા જ કામ કરવાં પણ ચિત તો ઈશ્વરાભિમુખ જ રાખવું. વિદ્વાનો કોઈ અર્થ નથી. ત્યાગી હોય કે ગૃહસ્થ. દરેકે પોતાના ચિત્તમાંથી આસકિત કાઢી નાખવી. તેઓ ૧૬ ઓગસ્ટ, ૧૮૮૬ની રાત્રે કાલિ કાલિ કરતા ઉર્ધ્વગમન પામ્યા. ●